| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧.૧૦.૨૦૧૪ | | |
| નોંધણી તારીખ | ૦૧.૧૦.૨૦૧૪ | | |
| ફેસલ તારીખ | ૧૫.૦૬.૨૦૨૬ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| | ૧૧ | ૦૮ | ૧૪ |

## ભરૂચના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, મુકામ: ભરૂચ

**રેગ્યુલર સીવીલ અપીલ નંબર : ૫૯/૨૦૧૪**

એપેલન્ટ :- હિન્દુસ્તાન સોલ્ટ પ્રોડકટસના પ્રોપ્રાયટર
પ્રફુલચંદ્ર ચતુર્ભુજ શાહ
રહે. બજારમાં, દહેજ, જી.ભરૂચ

...વિરૂધ્ધ...

રીસ્પોન્ડન્ટ :-(૧) બિરલા કોપર (ઈન્ડોગલ્ફ ફર્ટીલાઈઝર અને કેમીકલ્સ
કોર્પોરેશન લી.નું યુનીટ)
ઠે. દહેજ, જી.ભરૂચ
(૨) શ્રી સ ર કા ર

બાબત : ભરૂચના વિ.પાંચમાં એડીશનલ સીનીયર સીવીલ જજશ્રીએ
રે.દિ.મુ.નં.૧૭૫/૨૦૦૦ ના કામે આપેલ ચુકાદા અને
હુકમનામા વિરૂધ્ધની અપીલ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::
એપેલન્ટ તરફે વિ.વકીલશ્રી આર.બી.મોદી
રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ.વકીલશ્રી એચ.આઈ.શાહ
રીસ્પોન્ડન્ટ નં. ૨ તરફે વિ.વકીલશ્રી – નથી
::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**-:: ચુ કા દો ::-**

૧. આ કામના એપેલન્ટ/મુળ વાદી દવારા રે.દિ.મુ.નં. ૧૭૫/૨૦૦૦ દાખલ કરી આ કામના રીસ્પોન્ડન્ટ નં.૧/ મુળ પ્રતિવાદી નં. ૧ વિરૂધ્ધ જાહેરાતનો, જાથુના મનાઇ હુકમનો તથા દબાણ દુર કરવાની દાદ માંગેલ. જે દાવો ભરૂચના વિ.પાંચમાં એડીશનલ સીનીયર સીવીલ જજશ્રીએ નામંજુર કરતો હુકમ તા.૧૪.૦૮.૨૦૧૪ ના રોજ કરેલો. તે હુકમ અને તે હુકમના આધારે કરવામાં આવેલ હુકમનામાથી

નારાજ થઈ એપેલન્ટ/મુળ વાદીએ હાલની અપીલ દાખલ કરેલ છે.

૨. આ કામના એપેલન્ટ વિ.ટ્રાયલ કોર્ટમાં દાવાના કામના વાદી હતા, જયારે આ કામના રીસ્પોન્ડન્ટ નં. ૧ દાવાના કામે પ્રતિવાદી નં. ૧ હતા અને રીસ્પોન્ડન્ટ નં.૨ દાવાના કામે પ્રતિવાદી નં. ૨ હતા. જેથી સરળતા ખાતર હવે પછી તેઓને "વાદી" અને "પ્રતિવાદી નં. ૧ અને ૨ ' તરીકે સંબોધવામાં આવેલા છે.

૩. વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષના વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી હતી કે, વાદી હિન્દુસ્તાન સોલ્ટ પ્રોડકટસના પ્રોપ્રાયટર છે. પ્રતિવાદી નં. ૧ નાઓ ઈન્ડીયન કંપનીઝ એકટ હેઠળ નોંધાયેલ કંપની છે. પ્રતિવાદી નં. ૨ વાદીની લીઝવાળી જમીનના માલિક હોવાથી પક્ષકાર બનાવેલ છે પરંતુ તેમની સામે કોઇ દાદ માંગેલ નથી. વાદીએ સને ૧૯૭૯-૮૦ ની સાલમાં દહેજ ગામની સીમમાં આવેલ નવા સર્વે નં.૧૫૦૪ (જુના સર્વે નં.૯૬૩/અ/૧) વાળી ૩૫૦ એકર જમીન ડેવલોપ કરી તેમાં મીઠુ .ત્પન્ન કરી વેચાણ માટે પ્રતિવાદી નં. ૨ પાસેથી રોયલ્ટી આપી લીઝ ડીડ ઉપર રાખેલી. પ્રતિવાદી નં. ૨ સાથે લીઝ અંગેનો કાયદેસરનો કરાર પણ કરવામાં આવેલો. લીઝ ડીડનો કરાર કરતી વખતે કલેકટરશ્રી, ભરૂચ કરેલ હુકમમાં સ્પષ્ટ જણાવેલ કે મીઠાના અગરોથી મુખ્ય રસ્તા સુધી જવા માટે વચ્ચેનો એપ્રોચ રોડ લીઝ રાખનારે પોતાના ખર્ચે બનાવવાનો રહેશે. જેથી સને ૧૯૭૯-૮૦ ની સાલમાં લીઝ રાખ્યા બાદ વાદીએ રસ્તામાં આવતા ઝાડી-ઝાંખરા વિગેરે સાફ કરી કાચો મોટરેબલ રોડ બનાવેલો અને આ રોડ લીઝની જગ્યાની દક્ષીણેથી પુર્વ તરફ જઇ મુખ્ય રોડને મળે છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ ને ઈન્ડસ્ટ્રીઝ નાંખવા માટે ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કોર્પોરેશને દહેજમાં જમીન સંપાદન કરી અમુક જમીન પ્રતિવાદી નં. ૧ ને ફાળવેલ. જેથી રસ્તાનો અમુક ભાગ પ્રતિવાદી નં. ૧ નાએ સંપાદન કરેલી જગ્યામાં આવી જતો હતો જે અંગે કલેકટરશ્રી, ભરૂચનું ધ્યાન દોરતા કલેકટરશ્રી, ભરૂચે પ્રતિવાદી નં. ૧ ને પત્ર લખી વાદીના તથા બીજા મીઠાના અગરોવાળા પટેદારો માટે રસ્તો ખુલ્લો રાખવા પ્રતિવાદી નં. ૧ ને જણાવેલુ. વાદી તથા મીઠાના બીજા

અગરોવાળા સદરહું રસ્તે મીઠુ ભરેલી ટ્રકો લઈ અવર–જવર કરતા હતા. પ્રતિવાદી નં. ૧ કંપનીના કેટલાક માથાભારે અધિકારીઓએ જોહુકમીથી રસ્તો બંધ કરી દેવાની ધમકી આપી હતી જેથી વાદી તથા મીઠાના બીજા અગરોવાળા લાગતા વળગતા ઈસમોએ પ્રતિવાદી નં. ૧ કંપનીના અધિકારીઓ પાસે જઈ જણાવેલ કે તેઓ જે જમીનમાં મીઠુ પકવે છે તે પણ સરકારની માલિકીની છે અને પ્રતિવાદી નં. ૧ માટે સંપાદન થયેલ જમીન પણ સરકારી માલિકીની છે. જો રસ્તો બંધ કરી દેવામાં આવે તો મીઠાના અગરોમાંથી વાહનો મરફતે મીઠુ બહાર જઈ શકાય નહી અને જો તેમ થાય તો વાદીનો ધંધો બંધ થઈ જાય અને સરકારશ્રીને પણ રોયલ્ટીનું નુકશાન થાય. ત્યારે કંપનીના અધિકારીઓએ કહેલ કે તા.૧૪.૦૪.૨૦૦૦ થી તા.૧૬.૦૪.૨૦૦૦ સુધી કંપનીના મુખ્ય અધિકારીઓ બહારથી આવવાના છે ત્યારે તેઓ જોડે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવાશે. જેથી વાદીએ પ્રતિવાદી નં. ૧ કંપનીના જવાબદાર અધિકારીઓની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી કોઈ પગલા ભરેલા નહી, પરંતુ પ્રતિવાદી નં. ૧ તરફથી તા.૦૩.૦૪.૨૦૦૦ ના રોજ ઓચિંતી કેવીયેટ દાખલ કરવામાં આવેલ અને તેમાં સ્પષ્ટ જણાવવામાં આવેલ કે વાદી તથા બીજાઓના માટે રસ્તો બંધ કરી દેવાના છે. તેટલું જ નહિ પરંતુ પ્રતિવાદી નં. ૧ કંપનીના અધિકારીઓ વાદીના લીઝની મુખ્યત્વે પુર્વમાં તથા દક્ષીણ દિશાઓમાં આશરે ૨૮ એકર જેટલી જમીન ઉપર તારની વાડ બાંધી દબાણ કરવાની કોશીષ કરી રહયા છે અને તે માટે અમુક જગ્યાએ થાંભલા ઉભા કરવાનું શરૂ કરેલુ જેથી વાદીને રસ્તો ખુલ્લો રાખવા તથા પ્રતિવાદી નં. ૧ એ કરેલ દબાણ ખુલ્લુ કરવાનો હકક પ્રાપ્ત થયેલ છે અને કારણ ઉત્પન્ન થયેલ છે. જેથી વાદીએ દાવો દાખલ કરી પ્રતિવાદી નં.૧નાઓ વાદીના દહેજની સીમમાં આવેલ મીઠાના અગરની દક્ષિણે આવેલ પ્રતિવાદી નં.૧ ના સર્વે નં. ૮૬૫ માં કંપાઉન્ડ વોલની અંદર થઈને જે રસ્તો જાય છે તે રસ્તાનો ઉપયોગ કરવાનો વાદીને અધિકાર છે તેવુ જાહેર કરી તે મતલબે વિજ્ઞાપનની તથા

વાદીની દહેજની સીમમાં લીઝની દક્ષિણે પ્રતિવાદી નં.૧ ના સર્વે નં. ૮૬૫ માં કમ્પાઉન્ડ વોલની અંદર આવેલ રસ્તો વાદીને ટ્રક લઈ જતા પ્રતિવાદી નં. ૧ નાએ બંધ કરે નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવાની તેમજ વાદીની સર્વે નં.૧૫૦૪ જેનો જુનો સર્વે નં. ૯૬૩/અ/૧ ની કુલ ૩૫૦ એકર જમીન પુર્વ તથા દક્ષિણ દિશાએ પ્રતિવાદી નં. ૧ નાએ આશરે ૨૮ એકરનુ જે દબાણ કરેલ છે તે દબાણ દુર કરાવવા દાદ માંગેલ છે.

૪. વિ.ટ્રાયલમાં પ્રતિવાદી નં. ૧ તરફે આંક–૧૬ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે વાદી પોતે ગુજરાત સરકારના લીઝ હોલ્ડર છે અને ગુજરાત સરકારે વાદીને લીઝ હોલ્ડર તરીકે ફકત લીઝ લેન્ડ પુરતો જ હકક અધિકાર આપેલ છે. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશને, લેન્ડ એકવીઝીશન એકટ પ્રમાણે જમીન સંપાદન કરી આ જમીન પ્રતિવાદી નં.૧ બીરલા કોપરને આપી હતી અને ત્યારથી આ જમીનનો કબજો બીરલા કોપર પાસે છે. લીઝ ડીડના કરાર કરતી વખતે કલેકટરશ્રી, ભરૂચે સ્પષ્ટ હુકમ કરેલ કે મીઠાના અગરથી મુખ્ય રસ્તા પર જવા માટે એપ્રોચ રોડ લીઝ રાખનારે પોતાના ખર્ચે બનાવવાનો રહેશે. જી.આઈ.ડી.સી. એ જમીનનો કબજો આપ્યો તે વખતે વાદીનો તેમના મીઠાના અગરોથી એક રસ્તો સર્વે નં.૧૦૭ અને ૧૫૦૪/બી માંથી પસાર થતો હતો અને આ રસ્તો સર્વે નં.૬૮૫ માં બાંધેલી કંપાઉન્ડ વોલની બહારના ભાગેથી પસાર થતો હતો. વાદીનો અસલથી જ રસ્તો સર્વે નં.૧૦૭ અને ૧૫૦૪/બી જે સામાવાળા નં.૧ જી.આઈ.ડી.સી.તરફથી આપેલી જમીનમાંથી જવા આવવાનો રસ્તો છે અને તે રસ્તો વાદી

અને બીજા અગરોવાળા વાપરતા હતા અને તેનો ઉપયોગ કરતા પ્રતિવાદી નં.૧ નાએ વાદીને કોઈપણ વખત અટકાવેલા નથી. પરંતુ આ વ્યવસ્થા પણ કામચલાઉ છે અને બીજી વ્યવસ્થા કરવાની છે. સર્વે નં. ૬૮૫ ની કંપાઉન્ડ વોલની અંદર જે રસ્તો છે ત્યાંથી વાદીને કોઈ જવા-આવવા હકક કે અધિકાર નથી અને એ રસ્તો વાદીએ બનાવેલ નથી. પ્રતિવાદી નં.૧ નાએ સને ૧૯૯૫ માં જી.આઈ.ડી.સી. પાસેથી જમીનનો કબજો લઈ કંપાઉન્ડ વોલ કરી ફેકટરીનું બાંધકામ આજ સર્વે નંબરમાં કરેલુ છે અને તે ફેકટરીમાં જવા-આવવાનો આ પાકો રસ્તો પ્રતિવાદી નં.૧ એ બનાવેલો છે અને અસલથી જ ત્યાં કંપાઉન્ડ વોલમાં ઝાંપો બનાવેલો છે. વાદીનો જવા આવવાનો રસ્તો કંપાઉન્ડ વોલની બહારથી હતો અને એ રસ્તેથી તેઓ સર્વે નં.૧૦૭ અને ૧૫૦૪/બી માંથી જતા આવતા હતા. આ સર્વે નંબરો પણ જી.આઈ.ડી.સી. અને ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ તરફથી પ્રતિવાદી નં.૧ ને એકવાયર કરી આપવામાં આવેલ છે.પરંતુ પહેલેથી જ તેમાં જવા આવવાનો વાદીનો રસ્તો હતો. તેથી તે રસ્તો પ્રતિવાદી નં.૧ નાએ કામચલાઉ ચાલુ રાખેલ. વાદીએ તેમનો નવો રસ્તો જવા આવવાનો પોતાના ખર્ચે કરવાનો હતો પરંતુ વાદીએ આવો રસ્તો કર્યો નથી અને ખોટો દાવો કરી રસ્તાનો હકક ઉભો કરેલ છે. પુષ્કળ વરસાદ પડવાને કારણે સર્વે નં.૬૮૫ ની કમ્પાઉન્ડ વોલની બહારનો રસ્તો જયાંથી વાદી આવ-જાવ કરતા હતા તે રસ્તો ધોવાઈ ગયો હતો અને તેથી વાદીની વિનંતીને માન આપી કંપાઉન્ડ વોલમાં આવેલા ગેટમાંથી કામચલાઉ સર્વે નં.૬૮૫ માં બનાવેલા રસ્તા પરથી વાદીને જવા દેતા હતા પરંતુ જુનો રસ્તો જે વાદી પહેલેથી વાપરતા હતા તે ટ્રકો વિગેરેના આવ જાવ માટે યોગ્ય થઈ ગયેલ હોય અને

પ્રતિવાદીએ ગેટ બંધ કરી દેવાના છે તેથી તેઓએ કેવીચેટ નં.૧૪૨/૨૦૦૦ ની દાખલ કરેલી. રસ્તા બાબતે વાદી તથા બીજા વ્યકિતઓને બોલાવી આ અંગે ચર્ચા કરી ઝાપો બંધ કરવાનુ જણાવેલ પરંતુ વાદી તથા બીજાઓ અને પ્રતિવાદી નં.૧ ની માલિકીના આ રસ્તા ઉપરથી તેઓને મુખ્ય રસ્તો નજીક પડે તેવા બદઆશયથી દાવો લાવેલ છે. વાદીનો જુનો રસ્તો અસ્તિત્વમાં છે તે રસ્તા ઉપરથી અવર જવર કરતા હતા. ફકત વરસાદના પાણીના કારણે ટેમ્પરરી સર્વે નં.૬૮૫ માંથી જવા આવવા દેતા હતા. વાદી પાસે વૈકલ્પિક રસ્તો છે ત્યાંથી તે જઈ આવી શકે છે અને તેઓના ધંધાને કોઈ નુકશાન થાય તેમ નથી અને તેઓ તેમનો માલ સામાન ટ્રક મારફતે આરામથી તેમના જુના રસ્તા પરથી પ્રતિવાદી નં.૧ ની માલિકી કબજા ભોગવટાના સર્વે નં.૧૦૭ અને ૧૫૦૪/બી માંથી પસાર થાય છે અને બીજી વ્યવસ્થા ના થાય ત્યાં સુધી ત્યાંથી લઈ જઈ શકે છે. સર્વે નં.૬૮૫ માંથી જે રસ્તો છે ત્યાંથી વાદીની ટ્રકો આવ–જા કરે તો તે રસ્તાની બાજુમાં પ્રતિવાદી નં.૧ નો પ્લાન્ટ છે અને તે પ્લાન્ટ ઘણો સેન્સીટીવ છે અને કોપરનુ ઉત્પાદન કરવામાં આવે છે. કંપનીનો માલ સામાન ખુલ્લામાં પડી રહે તો ચોરાઈ જવાની પણ શકયતા છે. જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

૫. વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવાના કામે આંક–૩૭ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલા છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદી નં.૧ ની સર્વે નં.૮૬૫ માં કમ્પાઉન્ડ વોલની અંદર થઈને રસ્તો જાય છે તેનો ઉપયોગ, ઉપભોગ કરવા તેઓને કાયદેસર હકક,અધિકાર છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદી નં.૧ દ્વારા દહેજ

ગામની સીમના નવા સર્વે નં.૧૫૦૪ બ અને જુના સર્વે નં. ૯૬૩/અ/૧ ની કુલ ૩૫૦ એકર જમીન પૈકી પૂર્વ તથા દક્ષિણ દિશામાં આશરે ૨૮ એકર જમીન પર દબાણ કરવામાં આવેલ છે ?

૩. શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે તેઓને જી.આઈ.ડી.સી. ધ્વારા કબજો આપવામાં આવેલ તથા વાદી મીઠાના અગરોથી સર્વે નં.૧૦૭ અને ૧૫૦૪/બી માંથી પસાર થતા હતા અને આ રસ્તો સર્વે નં.૬૮૫ માં આવેલ કમ્પાઉન્ડ વોલ બહારથી પસાર થતો હતો ?

૪. શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે,સર્વે નં.૧૦૭ અને ૧૫૦૪/બી તથા સર્વે નં.૬૮૫ વાળી જમીનમાં તેઓને માત્ર હકક, અધિકાર છે. ખરી હકીકતે વાદીએ નવો રસ્તો પોતાની રીતે બનાવવાનો હતો ?

૫. શું વાદીને કોઈ દાદ મળવાપાત્ર છે ?

૬. શું હુકમ ? હુકમનામું ?

૬. વિ.ટ્રાયલ કોર્ટે બધા મુદ્દાઓ 'નકારમાં' ઠરાવેલ છે.

૭. વિ.ટ્રાયલ કોર્ટમાં વાદી તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>વાદી તરફે મૌખિક પુરાવો</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ અને સ્ટેટસ |
|---|---|---|
| ૧ | ૫૪ | પ્રફુલચંદ્ર ચત્રભુજ શાહ (વાદી)નું સરતપાસનું સોગંદનામુ |
| ૨ | ૬૫ | ખુમાનસિંહ નાનુભાઈ પટેલ(સાહેદ)નું સરતપાસનું સોગંદનામુ |

**<u>વાદી તરફે દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૬૬ | મામલતદાર, વાગરાએ તા.૧૭.૦૨.૨૦૧૧ ના રોજ વાદીને સને ૨૦૧૦–૧૧ ના બાકી ભાડાની રકમ તાકીદે જમા કરાવવા માટે આપેલ નોટીસ |
| ૨ | ૬૭ | કલેકટરશ્રી, ભરૂચ વતી વાદીને તા.૦૬.૧૦.૧૯૯૭ ના રોજ જંગલની જમીનોમાં મીઠા ઉત્પાદનની પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે ફોરેસ્ટ કન્ઝરવેશન એકટ,૧૯૮૦ હેઠળ મંજુરી મેળવવા બાબતે લખેલ પત્ર |
| ૩ | ૬૮<br>૭૫ | ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા, મીનીસ્ટ્રી ઓફ એન્વાર્યમેન્ટ એન્ડ ફોરેસ્ટ તરફથી તા.૧૬.૧૦.૨૦૦૨ ના રોજ ૩૦ વર્ષ માટે લીઝ રીન્યુ કરવા સંબંધે લખેલ પત્રની નકલ |
| ૪ | ૬૯ | ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા, મીનીસ્ટ્રી ઓફ એન્વાર્યમેન્ટ એન્ડ ફોરેસ્ટ તરફથી તા.૦૭.૦૬.૨૦૦૭ ના રોજ ૩૦ વર્ષ માટે લીઝ રીન્યુ કરવા સંબંધે લખેલ પત્રની નકલ |
| ૫ | ૭૦ | લીઝ ડીડ એગ્રીમેનટની નકલ |
| ૬ | ૭૩<br>૭૯ | દાવાવાળી જમીનનો નકશો |
| ૭ | ૭૪ | ના.સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરેલ રીટ પીટીશન નં. ૨૦૨/૧૯૯૫ ની નકલ |
| ૮ | ૭૮ | કલેકટરશ્રી, ભરૂચનાએ તા.૧૫.૦૩.૧૯૮૦ ના રોજ વાદીની તરફેણમાં લીઝ માટે કરેલ હુકમની નકલ |
| ૯ | ૮૦ | સર્વે નં.૧૫૦૪–અ–૧ ની ગામ નમુના નં. ૭ અને ૧૨ ની નકલ |
| ૧૦ | ૮૧ | તા.૦૬.૦૬.૨૦૦૧ ના રોજ પ્રાદેશીક મેનેજરશ્રી (ડીવીડીસી), ધ્વારા વાદી અને પ્રતિવાદી સાથે યોજેલ મીટીંગની કાર્યવાહીની નોંધ |
| ૧૧ | ૮૨ થી ૯૧ | દાવાવાળી જગ્યાના ફોટોગ્રાફસ તેમજ તેની નેગેટીવ્સ |
| ૧૨ | ૯૨ | મારૂતી આર્ટ સ્ટુડીયોનું બીલ |
| ૧૩ | ૯૩ | વાદી ધ્વારા તા.૦૯.૧૧.૨૦૧૧ ના રોજ ભરેલ ચલણ |
| ૧૪ | ૯૪ | વાદી ધ્વારા તા.૦૯.૧૧.૨૦૧૧ ના રોજ ભરેલ ચલણ |
| ૧૫ | ૯૫ | કલેકટરશ્રી, ભરૂચ ધ્વારા તા.૧૪.૦૬.૨૦૦૪ ના રોજ |

| | | |
|---|---|---|
| | | પ્રતિવાદી નં. ૧ ની તરફેણમાં શરતોને આધીન રસ્તાની જગ્યા ફાળવી આપેલ તેના હુકમની નકલ |

૮. ત્યારબાદ, ટ્રાયલ કોર્ટમાં કામ પ્રતિવાદીઓનો પુરાવો નોંધવા માટે રાખવામાં આવેલ.

પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>પ્રતિવાદી નં. ૧ તરફે મૌખિક પુરાવો</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ અને સ્ટેટસ |
|---|---|---|
| ૧ | ૯૬ | અશોકભાઈ નટવરભાઈ ગાંધી (પ્રતિવાદી નં.૧ કંપનીના મેનેજર) નું સરતપાસનું સોગંદનામુ |
| ૨ | ૧૧૦ | અમૃતભાઈ મીઠાભાઈ (મદદનીશ સંરક્ષક) |
| ૩ | ૧૧૬ | સુહેલભાઈ સુલેમાનભાઈ (કલાર્ક, કલેકટર કચેરી) |

**<u>પ્રતિવાદી નં. ૧ તરફે દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૭૬ | પ્રતિવાદી નં. ૧ દ્વારા આર.ટી.આઈ. હેઠળ માહિતી મેળવવા તા.૦૬.૧૦.૨૦૧૨ ના રોજ કરેલ અરજીની નકલ |
| ૨ | ૭૭ | મદદનીશ વન સંરક્ષકશ્રીની કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતીનો પત્ર. તા.૧૧.૧૦.૨૦૧૨ |
| ૩ | ૧૦૮ | અશોકભાઈ નટવરલાલ ગાંધીને કેસ ચલાવવા માટે આપેલ અધિકારપત્ર |
| ૪ | ૧૧૭ | વાદી પ્રફુલચંદ્રનો આસીસ્ટન્ટ કલેકટર, ભરૂચ રૂબરૂનો જવાબની નકલ |
| ૫ | ૧૧૮ | કલેકટરશ્રી, ભરૂચ દ્વારા તા.૦૯.૦૫.૨૦૦૦ ના રોજ ભાડા પટ્ટાની મુદ્દત વધારી શકાય તેમ નથી તેવો વાદીને લખવામાં આવેલ પત્રની નકલ. |
| ૬ | ૧૨૨ | જી.આઈ.ડી.સી.નો તા.૧૫.૦૭.૧૯૯૫ ના રોજ પ્રતિવાદી નં. ૧ ને આપેલ એલોટમેન્ટ લેટરની નકલ |
| ૭ | ૧૨૩ | ફોરેસ્ટ એન્ડ એન્વાયરમેન્ટ, ગાંધીનગર દ્વારા પ્રતિવાદી નં. ૧ ને આપવામાં આવેલ એપ્રુવલનો મેમોરન્ડમ. |

| | | |
|---|---|---|
| | | તા.૩૧.૦૮.૧૯૯૬ |
| ૮ | ૧૨૪ | પ્રતિવાદી નં. ૧ ને આપવામાં આવેલ જમીનની કબજાની રસીદની નકલ. તા.૨૧.૧૦.૧૯૯૭ |
| ૯ | ૧૨૫ | જી.આઈ.ડી.સી. અને પ્રતિવાદી નં. ૧ વચ્ચે થયેલ લીઝ ડીડની નકલ |

૯. ત્યારબાદ વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આંક-૧૨૬ થી વાદીનો દાવો રદ કરતો હુકમ તા.૧૪.૦૮.૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ છે.

૧૦. હાલની અપીલના કામે એપેલન્ટ/મુળ વાદી તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે વાદીને દહેજ ગામની સીમમાં આવેલ સર્વે નં.૧૫૦૪ (જુનો સર્વે નં.૯૬૩/અ/૧/૧) ની ૩૫૦ એકર જમીન મીઠાનું ઉત્પાદન કરી વેચાણ કરવા માટે સને ૧૯૮૦ માં કલેકટરશ્રી, ભરૂચ ધ્વારા ૨૦ વર્ષ માટે લીઝ ઉપર આપવામાં આવેલી ત્યારથી સદરહું જમીનનો કબજો ભોગવટો વાદી કંપની ધરાવે છે. આ લીઝના કરારની શરત મુજબ મીઠાના અગારથી મુખ્ય રસ્તા સુધી જવાનો એપ્રોચ રોડ લીઝ રાખનારે એટલે કે વાદીએ બનાવવાનો હતો જેથી વાદીએ કાચો મોરટેબલ એપ્રોચ રોડ બનાવેલો. ત્યારબાદ થોડા વરસો પછી જી.આઇ.ડી.સી. એ દહેજમાં જમીન સંપાદન કરી અમૂક જમીનો પ્રતિવાદી નં. ૧ ને શરતોને આધીન ફાળવી આપેલ. વાદીએ પોતાના અગારમાં જવા-આવવા માટે જે કાચો એપ્રોચ રોડ બનાવેલો તે રસ્તો પ્રતિવાદી નં. ૧ ને ફાળવી આપેલ જમીનમાં આવી ગયેલ હોઇ વાદી તરફથી કલેકટરશ્રીનું તે અંગે ધ્યાન દોરવામાં આવેલ. જેથી કલેકટરશ્રીએ આંક-૯૫ થી રજુ થયેલ હુકમ મુજબ પ્રતિવાદી નં. ૧ ને વાદી તથા બીજા મીઠાના અગારવાળા પટેદારો માટે સદરહું રસ્તો ખુલ્લો રાખવા જણાવેલ. જેથી પ્રતિવાદી નં. ૧ નાએ તે રસ્તો ખુલ્લો રાખેલો અને વાદી તથા અન્ય પટેદારો તે રસ્તેથી એટલે કે સર્વે નં.૮૬૫ ની કંપાઉન્ડ વોલની અંદર જે રસ્તો છે તે રસ્તેથી મીઠાની ભરેલી ટ્રકો લઇને અવર જવર કરતા હતા. ત્યારબાદ રીસ્પોન્ડ નં. ૧ કંપનીના અધિકારીઓની બદલી થઇ જતા અને તેઓના સ્થાને અન્ય

અધિકારીઓ આવતા તેઓએ આ રસ્તો બંધ કરી દેવાની હિલચાલ ચાલુ કરેલ જેથી તે અંગેની પ્રતિવાદી નં. ૧ કંપનીમાં જઇને રજુઆત કરવામાં આવેલ, પરંતુ ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ ધ્વારા કેવીયેટ દાખલ કરવામાં આવેલ છે અને કંપની તરફથી ૨૮ એકર જમીન ઉપર દબાણ કરવાના ઈરાદે થાંભલા ઉભા કરવાની શરૂઆત કરેલી જેથી દાવો કરવાની જરૂરીયાત ઉભી થયેલ. વાદીની આવી સ્પષ્ટ હકીકતો રેકર્ડ ઉપર હોવા છતાં વિ.ટ્રાયલ કોર્ટે વાદી ધ્વારા રસ્તો બનાવવા માટે સરકારશ્રીની પરવાનગી રજુ થયેલ નથી તેમજ રસ્તો બનાવવા માટે આ જ જગ્યા નકકી થયેલ હતી અને વાદી તેનો ઉપયોગ કરતા તેવો રેકર્ડ ઉપર પુરાવો રજુ થયેલ નથી તેમ ઠરાવી વાદીનો દાવો રદ કરેલ છે, જે હુકમ ભુલ ભરેલ છે. વાદીને આપવામાં આવેલ લીઝવાળી જમીનો અને તેની આજુબાજુની જમીનો પર્યાવરણ વિભાગ ધ્વારા જંગલ તરીકેની જમીનોમાં ફેરવવામાં આવતા આ જમીનમાં મીઠાનું ઉત્પાદન કરવા માટેની પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે ફોરેસ્ટ કન્જરવેશન એકટ,૧૯૮૦ હેઠળ જંગલ ખાતાની મંજુરી મેળવવી જરૂરી હોવાનું તા.૦૬.૧૦.૧૯૯૭ ના પત્રથી કલેકટરશ્રી ધ્વારા વાદીને જણાવવામાં આવેલ. ત્યારબાદ વાદીએ ભારત સરકારના જંગલ ખાતામાં પરવાનગી માંગતા જંગલ ખાતા અધિકારીઓએ લીઝ રીન્યુ કરી આપવા માટે શરતોને આધીન સંમત થયેલા અને તે અંગેના હુકમની નકલ આંક–૬૮ થી રજુ કરવામાં આવેલ છે. તેમ છતાં વિ.ટ્રાયલ કોર્ટે આ હકીકત ધ્યાને લીધેલ નથી અને લીઝ અસ્તિત્વમાં નથી તેવું ઠરાવેલ છે. વધુમાં વાદીએ આંક–૬૮ ના હુકમમાં જણાવેલ કોમ્પેસેટરી કોસ્ટની રકમ સામે અપીલ કરેલ છે અને જે હાલમાં પેન્ડીંગ છે. વાદીને પોતાની જગ્યાએ જવા માટે વૈકલ્પિક રસ્તો છે તેવું પ્રતિવાદીએ જણાવેલ નથી તેમ છતાં દલીલ ખાતર માની લેવામાં આવે કે બીજો વૈકલ્પિક રસ્તો છે તો પણ પ્રતિવાદી નં. ૧ નાએ રસ્તો ખુલ્લો રાખવા માટેની બાંહેધરી આપેલી છે અને કલેકટરશ્રીએ આંક–૯૫ થી રજુ થયેલ તા.૧૪.૦૬.૨૦૦૪ ના રોજના હુકમમાં પણ આ રસ્તો ખુલ્લો મુકવાની શરત મુકેલી છે જેથી પ્રતિવાદી નં. ૧ નાએ હવે

આ રસ્તો બંધ કરી શકે નહી. તેમ છતાં વિ.ટ્રાયલ કોર્ટે આ હકીકત ધ્યાને લીધેલ નથી. વાદી તરફે આંક–૬૬ થી રજુ થયેલ નોટીસ જોતાં સને ૨૦૧૦–૧૧ વર્ષ માટેના બાકી ભાડાની રકમ જમા કરાવવા માટે મામલતદારશ્રી, વાગરાએ તા.૧૭.૦૨.૨૦૧૧ ના રોજ વાદીને નોટીસ આપેલ છે તે ધ્યાને લેતાં તેમજ આંક–૮૧ થી રજુ થયેલ તા.૦૬.૦૬.૨૦૦૧ ના રોજની વાદી અને પ્રતિવાદી સાથે યોજેલ મીટીંગની કાર્યવાહીની નોંધ તેમજ આંક–૯૩ અને આંક–૯૪ થી વાદીએ રકમ જમા કરાવેલ તેના ચલણ ધ્યાને લેતાં લીઝવાળી જમીનનો કબજો ભોગવટો વાદી પાસે હોવાનું જણાય છે તેમ છતાં વિ.ટ્રાયલ કોર્ટે આ પુરાવા ધ્યાને લીધેલ નથી. વધુમાં વાદીએ ભાડાની મુદ્દત વધારવા માટે ના.ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન દાખલ કરેલ છે જે હાલ પેન્ડીંગ છે. જેથી પ્રતિવાદી નં. ૧ નાઓ દાવાવાળો રસ્તો બંધ કરી શકે નહી અને તેમજ કોઈને આવતા જતા અટકાવી શકે નહી. વાદી તરફે પ્રતિવાદી નં. ૧ ધ્વારા ૨૮ એકરનું દબાણ કરેલ હોવાની દાદ હાલની અપીલના કામે નોટપ્રેસ કરેલ છે અને માત્ર વાદીને દાવાવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો હકક અધિકાર છે અને પ્રતિવાદી નં. ૧ નાઓ દાવાવાળો રસ્તો બંધ કરી કરે કરાવે નહી તેવી રજુઆત કરેલ છે. વધુમાં વાદી તરફે રજુઆત છે કે વિ.ટ્રાયલ કોર્ટે મુદ્દા નં. ૩ અને ૪ પ્રતિવાદીની વિરૂધ્ધમાં ઠરાવેલ છે તેને પ્રતિવાદી નં. ૧ તરફે પડકારવામાં આવેલ નથી. આમ, વાદીએ વિ.ટ્રાયલ કોર્ટમાં માંગેલી દાદ મંજુર કરવા માટે પુરતા, માનવાલાયક મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોવા છતાં વાદીનો દાવો નામંજુર કરી વિ.ટ્રાયલ કોર્ટે ભુલ કરેલ છે. જેથી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવા અને અપીલ મંજુર કરવા રજુઆત કરેલી છે.

૧૧. આ અપીલના કામે રીસ્પોન્ડન્ટ/મુળ પ્રતિવાદી નં. ૧ ના વિ.વકીલશ્રીની રજુઆત છે કે હાલની અપીલ તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી હકીકતોવાળી હોય પ્રથમ તબકકે રદ થવાને પાત્ર છે. વાદીને દાવો કરવાનો કોઈ હકક અધિકાર નથી. વાદીએ લીઝવાળી

જગ્યા ઉપર સને ૧૯૯૭ થી મીઠાનું ઉત્પાદન બંધ કરેલ છે અને કલેકટરશ્રીના તા.૧૪.૦૨.૧૯૯૭ ના હુકમ મુજબ હિન્દુસ્તાન સોલ્ટ વર્કસની કામગીરી બંધ કરી દેવામાં આવેલ છે. આંક-૬૮ થી રજુ થયેલ મીનીસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ તરફથી વાદીને લીઝ રીન્યુ કરવા સંબંધે જે હુકમ કરેલ છે તે હુકમ અસ્તિત્વમાં જ નથી. વાદીએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમણે કોસ્ટની રકમ ભરેલ નથી તેમજ ફોરેસ્ટ ખાતા તરફથી કોઈ લીઝ ડીડ કરી આપવામાં આવેલ નથી તેમજ બ્લોક નં. ૧૫૦૪ ની જમીન સરકારશ્રીની છે. આંક-૭૭ થી રજુ થયેલ મદદનશી વન સંરક્ષકનો તા.૧૧.૧૦.૨૦૧૨ નો પત્ર જોતાં સર્વે નં.૯૬૩ વાળી જમીન (વાદીની લીઝવાળી જમીન) વન ખાતાની છે અને હાલ વન ખાતાનો કબજો છે તેમજ વન વિભાગમાં કોઈપણ જમીન ભાડાપટે આપવામાં આવતી નથી. વાદવાળો રસ્તો અને આંક-૯૫ થી રજુ થયેલ કલેકટરશ્રીના હુકમની શરતમાં જણાવેલ રસ્તો અલગ અલગ છે. વધુમાં તા.૧૪.૦૬.૨૦૦૪ ના રોજ કલેકટરશ્રી, ભરૂચ ધ્વારા રસ્તા માટેનો જે હુકમ કરવામાં આવેલ છે તે રોડ અને હાલની તકરારી રોડ બંને અલગ અલગ છે. ખરી હકીકતે વાદી જે રસ્તાનો ઉપયોગ કરતા હતા તે રસ્તો વધુ વરસાદ પડવાના કારણે ખરાબ થઈ જતા પ્રતિવાદી નં. ૧ નાએ વાદીને માનવતા ખાતર પોતાની કંપાઉન્ડ વોલમાંથી આવવા જવાની પરવાનગી આપેલી જેનો હવે વાદી દુરઉપયોગ કરી રહયા છે અને હવે વાદીનો જુનો રસ્તો બરાબર થઈ ગયેલ છે તેમજ વાદી પાસે અન્ય વિકલ્પ પણ છે જેથી વાદીની દાદ મંજુર થઈ શકે તેમ નથી. જો વાદી પાસે અન્ય કોઈ વિકલ્પ જ ન હોય તેવા ખાસ સંજોગોમાં જ વાદીને ઈઝમેન્ટનો હકક મળી શકે છે. જયારે આ કામે વાદી જણાવે છે તેવી લીઝ રીન્યુ થયેલ નથી તેમજ વાદીનો ધંધો સને ૧૯૯૭ થી બંધ છે અને તેનો કબજો ભોગવટો પણ વાદી પાસે નથી તેવા સંજોગોમાં વાદીને કોઈ પણ હિસાબે ઈઝમેન્ટનો હકક મળી શકે તેમ નથી. વધુમાં જણાવેલ છે કે વાદી પોતાનો દાવો યોગ્ય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વિ.ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં કારણો

આપીને હુકમ કરેલ છે તેમાં કોઈ ભુલ કે ખામી જણાતી નથી. વિ.ટ્રાયલ કોર્ટે તેમની સમક્ષના પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરેલ છે. જેથી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ અને હુકમનામુ કાયમ રાખી હાલની અપીલ રદ કરવા રજુઆત કરેલ છે.

૧૨. ઉપરોકત હકીકતોએ હાલની અપીલનો નિર્ણય કરવા સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓને દહેજની સીમમાં આવેલ મીઠાના અગરની દક્ષીણે આવેલ પ્રતિવાદી નં. ૧ ના સર્વે નં.૮૬૫ ની કંપાઉન્ડ વોલની અંદર થઈને જે રસ્તો જાય છે તે રસ્તાનો ઉપયોગ કરવાનો અધિકાર છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં. ૧ નાઓ તેઓને દાવાવાળા રસ્તા પરથી ટ્રક લઈને જતા રોકે નહી કે રસ્તો બંધ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવા વાદી હકકદાર છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, વિ.ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ ભુલ ભરેલો, અયોગ્ય અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનો છે અને તે હુકમમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત છે?

૪. શું હુકમ તથા હુકમનામુ ?

૧૩. ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

૧૪. ઉપરોકત હકીકતોને ધ્યાને રાખી રેકર્ડ ઉપર રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તેમજ પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો ધ્યાને લીધી.

**<u>મુદ્દા નંબર : ૧ અને ૨ ની સંયુકત ચર્ચા :</u>**

૧૫. વાદીએ દાવો દાખલ કરી જાહેરાત મેળવવા, જાથુનો મનાઇ હુકમ મેળવવા અને અતિક્રમણ દુર કરવા માટે પ્રતિવાદી નં. ૧ નાઓ સામે દાદ માંગેલી. વાદીની દાવા અરજીની હકીકતો તેમજ પ્રતિવાદી નં. ૧ તરફે રજુ કરવામાં આવેલ લેખિત જવાબ તેમજ બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને લેતાં નીચે મુજબની હકીકતો રેકર્ડ ઉપર આવેલ હોવાનું જણાય છે.

૧૫.૧ વાદીએ જે દાવાવાળા રસ્તા સંબંધે દાદ માંગેલ છે તે રસ્તાની માલિકી વાદીની નથી અને તેનો કબજો પ્રતિવાદી નં. ૧ નો છે. આ હકીકત અંગે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર હોવાનું જણાતુ નથી.

૧૫.૨ દહેજ ગામની સીમમાં નવા સર્વે નં.૧૫૦૪ વાળી ૩૫૦ એકર જમીન કલેકટરશ્રી, ભરૂચ ધ્વારા સને ૧૯૮૦ માં મીઠાના ઉત્પાદન માટે વાદીને લીઝ ઉપર ફાળવવામાં આવેલી અને તેમાં ફરમાવેલ શરત નં. ૧૩ મુજબ વાદીએ પોતાની રીતે મુખ્ય રસ્તા સુધીનો એપ્રોચ રોડ બનાવવાનો હતો.

૧૫.૩ સને ૧૯૯૭ માં કલેકટરશ્રી, ભરૂચનાએ પ્રતિવાદી નં. ૧ ને સર્વેનં.૬૮૫/પી ની ૫૩-૭૨-૦૦ હેકટર આરે ચો.મી.ની જમીન સંપાદન કરી લીઝ ડીડથી ફાળવેલ હોવાનું જણાય છે. આ ઉપરાંત પ્રતિવાદી નં. ૧ આ જમીનમાં કલેકટરશ્રી તેમજ જંગલ ખાતાની પરવાનગીઓ લઇને ધંધો કરતા હોવાનું જણાય છે. આ હકીકત અંગે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર હોવાનું જણાતુ નથી.

૧૫.૪ આંક-૯૫ થી રજુ થયેલ કલેકટરશ્રી, ભરૂચનો તા.૧૪.૦૬.૨૦૦૪ નો હુકમ વંચાણે લેતાં, પ્રતિવાદી નં. ૧ નાએ મોજે દહેજની બ્લોક નં.૧૫૦૪ ખાર ખરાબાના સદરે ચાલતી જમીન પૈકી ૬૦૦ x ૧૦ મીટર જગ્યા રોડ બનાવવાના કામે ફાળવી આપવા તા.૦૮.૦૭.૨૦૦૨ ના રોજ અરજીથી માંગણી કરેલ હોવાનું અને કલેકટરશ્રી, ભરૂચે અરજદારની માંગણી શરતોને આધીન મંજુર કરેલ હોવાનું જણાય છે. આ ઉપરાંત પ્રતિવાદી નં. ૧ તરફથી એવી બાંહેધરી આપવામાં આવેલ કે જો તેઓને આ જમીન ફાળવવામાં આવશે તો સદરહુ રોડ ઉપરથી સાઇટ પર આવેલ સોલ્ટમાં, મંદિરમાં

તથા ખેતી કામે જતા લોકો માટે ખુલ્લો રહેશે અને કલેકટરશ્રીએ પણ તે મુજબની શરત પોતાના હુકમમાં કરેલ હોવાનું જણાય છે.

૧૫.૫ વાદી પ્રફુલચંદ્ર શાહનાઓએ આંક–૫૪ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે અને પ્રતિવાદી નં. ૧ તરફે વાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. વાદીએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે તા.૧૪.૦૨.૧૯૯૭ ના કલેકટરશ્રી, ભરૂચના હુકમ મુજબ હિન્દુસ્તાન સોલ્ટ વર્કસની કામગીરી બંધ કરી દેવામાં આવેલ છે અને ત્યારથી તેઓ મીઠુ પકવતા નથી. પ્રતિવાદી ધ્વારા દાવાના કામે આંક–૧૧૭ થી વાદી પ્રફુલચંદ્ર શાહના આસીસ્ટન્ટ કલેકટર, ભરૂચ રૂબરૂના તા.૧૦.૦૮.૨૦૦૧ ના રોજના જવાબની નકલ રજુ કરવામાં આવેલ છે. જે જવાબ વંચાણે લેતાં વાદીએ જણાવેલ છે કે કલેકટરશ્રીએ તા.૧૪.૦૨.૧૯૯૭ ના હુકમથી જણાવેલ છે કે તેઓને ફાળવવામાં આવેલ પુરેપુરી જમીન વન ખાતાની હોઇ તેમાં મીઠા ઉદ્યોગનો વ્યવસાય કરવો નહી જેથી તેઓને કલેકટરશ્રીનો આ પત્ર મળ્યા બાદ તેઓએ મીઠા ઉદ્યોગનો વ્યવસાય કરવાનું બંધ કરી દીધેલ છે અને હાલમાં પણ તેઓ આ જમીનમાં મીઠા ઉદ્યોગનો વ્યવસાય કરતા નથી અને જમીન ખુલ્લી છે. આ હકીકત ધ્યાને લેતાં વાદીએ તા.૧૪.૦૨.૧૯૯૭ ના કલેકટરશ્રી, ભરૂચના હુકમ મુજબ હિન્દુસ્તાન સોલ્ટ વર્કસની કામગીરી બંધ કરી દેવામાં આવેલ છે અને ત્યારથી તેઓ મીઠુ પકવતા નથી તેવું રેકર્ડ ઉપર આવેલ છે.

૧૫.૬ પ્રતિવાદી ધ્વારા આંક–૧૧૮ થી રજુ થયેલ કલેકટરશ્રી, ભરૂચનો તા.૦૯.૦૫.૨૦૦૦ નો પત્ર વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે ''સદરહું જમીન બાબતે હાલમાં નામદાર હાઇકોર્ટમાં દાવો ચાલતો હોવાથી તેમજ સદરહુ જમીનમાં મીઠા ઉદ્યોગને લગતી કામગીરી ચાલુ રાખવાની પરવાનગી વન વિભાગ ધ્વારા આપને મળેલ ન હોવાથી આપની માંગણી મુજબ સદરહુ જમીનની ભાડાપટ્ટાની મુદ્દત વધારી શકાય તેમ નથી. જેથી આપની માંગણી નામંજુર કરી અરજી દફતરે કરવામાં આવે છે જેની જાણ થવા વિનંતી છે.'' આ હકીકત ધ્યાને લેતાં ભાડાપટ્ટાની મુદ્દતમાં વધારો કરી આપવાની અરજી

તા.૦૯.૦૫.૨૦૦૦ ના રોજ નામંજુર થયેલ હોવાનું જણાય છે. એટલે કે વાદીએ તા.૧૧.૦૪.૨૦૦૦ ના રોજ વિ.ટ્રાયલ કોર્ટમાં દાવો દાખલ કરી પ્રતિવાદી નં. ૧ વિરુધ્ધ દાદ માંગેલ છે તે અરસામાં વાદીનો ભાડાપટ્ટો રીન્યુ થયેલ ન હતો અને વાદી સદરહું જમીન ઉપર હકક અધિકાર ધરાવતા ન હતા. જેથી વાદી ભાડાપટ્ટાવાળી સદરહું જમીન ઉપર પ્રતિવાદી નં. ૧ ધ્વારા બનાવવામાં આવેલ રસ્તા ઉપરથી આવવા જવા માટે હકક અધિકાર ધરાવતા નહી હોવાનું કહી શકાય.

૧૫.૭ વાદી તરફે આંક–૬૫ થી સાહેદ ખુમાનસિંહ નાનુભાઈ પટેલને આંક–૬૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ મામલતદાર તરીકે વાગરા મુકામે ફરજ બજાવતા હતા. આ સાહેદની જુબાનીમાં આંક–૬૬ થી વાદી હિન્દુસ્તાન સોલ્ટ વર્કસને તા.૧૭.૦૨.૨૦૧૧ ના રોજ આપેલ નોટીસ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં મામલતદાર, વાગરાએ વાદીને તા.૧૭.૦૨.૨૦૧૧ ના રોજ મહેસુલી વર્ષ ૨૦૧૦–૨૦૧૧ ના બાકી ભાડાની રકમ તાકીદે સરકારશ્રીમાં જમા કરાવવા જણાવવામાં આવેલ છે અને જો નાણા દિન–૭ માં જમા કરાવવામાં નહી આવે તો શરતભંગ અંગેની કાર્યવાહી કરવામાં આવશે તેની નોંધ લેવા જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતાં સને ૨૦૧૦–૨૦૧૧ ના અરસામાં સદરહું જમીનનો કબજો વાદી પાસે હોવાનું જણાય છે. વાદીએ આંક–૫૪ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. વાદીએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમણે કોસ્ટની રકમ ભરેલ નથી. ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ તરફથી કોઇ લીઝડીડ કરી આપવામાં આવેલ નથી અને તેઓ તેમનું કામ ચાલુ કરી શકેલ નથી.

૧૫.૮ વાદી તરફે આંક–૯૫ થી કલેકટરશ્રી, ભરૂચ ધ્વારા તા.૧૪.૦૬.૨૦૦૪ ના રોજ પ્રતિવાદી નં. ૧ ની તરફેણમાં શરતોને આધીન રસ્તાની જગ્યા ફાળવી આપેલ તેના હુકમની નકલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં પ્રતિવાદી નં. ૧ તરફથી કલેકટરશ્રી, ભરૂચને દહેજના બ્લોક નં.૧૫૦૪ ની જમીન પૈકી ૬૦૦ x ૧૦૦ મીટર જગ્યા રોડ બનાવવાના કામે મળવા માટે માંગણી

કરેલી હોવાનું અને આ હુકમના ફકરા નં. ૫ માં જણાવેલ છે કે ''મોજે દહેજ તા.વાગરાના બ્લોક નં. ૧૫૦૪ ખારખરાબાના સદરે ચાલે છે. આ જમીન પૈકી ૬૦૦ x ૧૦૦ મીટર જગ્યા રોડ બનાવવાના કામે મળવા હિન્દાલકો ઈન્ડ. લીમી.યુનીટ બીરલા કોપરને ફાળવવામાં આવશે તો સદરહું રોડ ઉપરથી સાઈટ પર આવેલ સોલ્ટમાં, મંદિરમાં, તથા ખેતી કામે જતા લોકો માટે ખુલ્લો રહેશે તેવી બાંહેધરી તારીખ ૧૭.૦૯.૨૦૦૨ ના રોજથી આપેલ છે.'' જેથી કલેકટરશ્રીએ શરતોને આધીન આ જમીન પ્રતિવાદી નં. ૧ ને ફાળવી આપેલ હોવાનું જણાય છે અને જે હુકમની શરત નં. ૧૦ વંચાણે લેતાં ''કંપનીને આપવામાં આવેલ જમીન ઉપર રસ્તો બની ગયા બાદ તેનો સાર્વજનીક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે તેમજ તમામ વાહનોને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પસાર થવા દેવાના રહેશે તેમજ ભવિષ્યમાં રસ્તાની માલિકી અંગે કોઈ હકક દાવો કરવાનો રહેશે નહી.'' કલેકટરશ્રી, ભરૂચનો આંક-૯૫ થી રજુ થયેલ તા.૧૪.૦૬.૨૦૦૪ નો હુકમ વંચાણે લેતાં દહેજના બ્લોક નં.૧૫૦૪ ની જમીન પૈકી પ્રતિવાદી નં. ૧ ને ફાળવેલ ૬૦૦ x ૧૦૦ મીટર જગ્યા ઉપર રોડ બની ગયા બાદ આ રોડ ઉપરથી આવવા જવા દેવા માટે તેમજ વાહનોને પસાર થવા દેવા માટે પ્રતિવાદી રોકટોક કરી શકે નહી અને આ રસ્તાનો સાર્વજનીક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહે છે. વાદી તરફે મુખ્યત્વે આંક-૯૫ ના કલેકટરશ્રીના હુકમ ઉપર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ આંક-૯૫ નો હુકમ તા.૧૪.૦૬.૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ છે એટલે કે વાદીએ તા.૧૧.૦૪.૨૦૦૦ ના રોજ દાવો દાખલ કરેલ છે તે પછીનો હુકમ છે. જેથી કહી શકાય કે વાદીએ દાવો દાખલ કર્યો ત્યારે આ રસ્તો અસ્તિત્વમાં ન હતો. જેથી વાદીએ પોતાના દાવામાં જે રસ્તાની દાદ માંગેલ છે તે રસ્તો અને પ્રતિવાદી નં. ૧ નાએ કલેકટરશ્રીના આંક-૯૫ વાળા હુકમના આધારે બનાવેલ રસ્તો અલગ અલગ જણાય છે. પ્રતિવાદી નં. ૧ ના સાહેદ અશોકભાઈ નટવરભાઈ ગાંધીએ આંક-૯૬ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે કલેકટરે કરેલ હુકમવાળો રસ્તો અને હાલનો તકરારી

રોડ બંને અલગ છે.

૧૫.૯ વાદી તરફે આંક–૮૧ થી પ્રાદેશીક મેનેજરશ્રી (ડીવીડીસીસી), જી.આઇ.ડી.સી. ધ્વારા વાદી અને પ્રતિવાદી સાથે તા.૦૬.૦૬.૨૦૦૧ ના રોજ મીટીંગ યોજેલ તેમાં થયેલ કાર્યવાહીની નોંધ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં આ મીટીંગમાં વાદી અને પ્રતિવાદીઓના પ્રતિનિધિઓ તેમજ પ્રાદેશીક મેનેજર (ડીવીડીસી) જી.આઇ.ડી.સી., ભરૂચ તેમજ મામલતદાર, જી.આઇ.ડી.સી., ભરૂચ તેમજ સર્વેયર, પ્રા.મે.શ્રીની કચેરી, જી.આઇ.ડી.સી. તેમજ નરેન્દ્રસિંહ રાણા, દહેજ ગામના આગેવાન હાજર રહેલ હોવાનું જણાય છે. આ મીટીંગમાં મીઠાના અગરોમાં આવતા જતા ટ્રકો માટે પ્રતિવાદી નં. ૧ ને ફાળવેલ જમીનમાંથી રસ્તો કાઢવા માટેની તકરાર સંબંધી ચર્ચા થયેલ હોવાનું અને ચર્ચા વિચારણાના અંતે મીઠાના અગરોમાં આવતા જતા ટ્રકો માટે ત્રણ વિકલ્પો છે અને આ ત્રણ વિકલ્પો પૈકી એક વિકલ્પ નકકી કરવાનો રહેશે તેવું ઠરાવવામાં આવેલ હોવાનું જણાય છે. આમ, વાદી પાસે તેઓના મીઠાના અગરમાં જવા માટે પ્રતિવાદી નં. ૧ ના સર્વે નં.૮૬૫ ની કંપાઉન્ડ વોલની અંદરથી જે રસ્તો જાય છે તે રસ્તા સિવાય અન્ય વિકલ્પ ઉપલબ્ધ હોવાનું જણાય છે. વાદીએ પણ પોતાની દાવા અરજીમાં સોગંદ ઉપરની જુબાનીમાં તેમની પાસે આ રસ્તા સિવાય અન્ય કોઇ વિકલ્પ નથી તેવી કોઇ હકીકત જણાવેલ નથી. જેથી પ્રતિવાદી નં. ૧ ના સર્વે નં.૮૬૫ ની કંપાઉન્ડ વોલની અંદરથી જે રસ્તો જાય છે તે રસ્તાનો ઉપયોગ કરવાનો વાદીને અધિકાર છે તેવી વિજ્ઞાપનની દાદ મેળવવા વાદી હકકદાર હોવાનું તેમજ આ રસ્તામાંથી વાદીને ટ્રક લઇ જતા પ્રતિવાદી નં. ૧ નાઓ રોકે નહી અને રસ્તો બંધ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઇ હુકમ મેળવવા વાદી હકકદાર હોવાનું વાદી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ અને ૨ 'નકારમાં' ઠરમાવવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર : ૩ ની ચર્ચા :</u>**

૧૬. વિ.ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં એવી ચર્ચા કરેલ છે કે વાદી જણાવે

છે તે મુજબ જો તેઓ કોઇ રસ્તો સર્વે નં.૮૬૫ માં ધરાવતા હતા તો આ જમીન પ્રતિવાદી નં. ૧ ને ફાળવવામાં આવેલ ત્યારે કે ત્યારપછી જમીન સંપાદન કરીને પ્રતિવાદી નં. ૧ ને ફાળવનાર જી.આઇ.ડી.સી. કે કલેકટર સમક્ષ કોઇ વાંધો લીધેલ હોય તેવું જણાતુ નથી. વાદીએ તેઓ પાસે હાલના રસ્તા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી તેવી કોઇ હકીકત જણાવેલ નથી. પ્રતિવાદી નં. ૧ નાએ તેઓને ફાળવેલ જગ્યાએ ફેકટરી ઉભી કરેલી છે તેમાંથી બહારની વ્યકિતઓને પસાર કરવા દેવામાં આવે તો કંપનીના હિતને તેમજ સુરક્ષાને નુકશાન થાય તેમ છે. હિન્દુસ્તાન સોલ્ટ વર્કસનું ઉત્પાદનનું કામકાજ સને ૧૯૯૭ થી બંધ છે. વાદીએ દંડનાત્મક રકમ ભરપાઇ કરેલ નથી તેમજ વાદીને શરતોને આધીન આપવામાં આવેલી પરવાનગીની શરતોનો ભંગ કરેલ છે વિગેરે હકીકતો જણાવી વિ.ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં વાદી મુદ્દા નં. ૧ અને ૨ પુરવાર કરી શકેલ તેમ નથી તેમ ઠરાવેલ છે તેમાં કોઇ ભુલ જણાતી નથી.

૧૭. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી તેઓના સમગ્ર પુરાવાના આધારે પ્રતિવાદી સામેનો દાવો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેઓને દાવા અરજીમાં માંગેલ દાદ મળવાપાત્ર નથી તેવું વિ.ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં ઠરાવેલ છે તેમાં કોઇ ભુલ કે ક્ષતિ જણાતી ન હોઇ વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ હસ્તક્ષેપને પાત્ર નથી. જેથી મુદ્દા નં. ૩ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

૧.. એપેલન્ટની હાલની અપીલ નામંજુર કરવામાં આવે છે.

૨.. ભરૂચના વિ.પાંચમાં એડીશનલ સીનીયર સીવીલ જજશ્રીએ રે.દિ.મુ.નં.૧૭૫/૨૦૦૦ ના કામે તા.૧૪.૦૮.૨૦૧૪ ના રોજ દાવો નામંજુર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ અને તે હુકમના આધારે દોરવામાં આવેલ હુકમનામુ કાયમ રાખવામાં આવે છે.

૩.. એપેલન્ટે પોતાનો અને રીસ્પોન્ડન્ટનો ખર્ચ ભોગવવો.

૪.. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

૫.. આ ચુકાદાની નકલ સાથે વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તાત્કાલીક મોકલી આપવું.

આ હુકમ આજ તારીખ ૧૫મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૫.૦૬.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ, ભરૂચ
કોડ નં. જી.જે.૦૦૯૧૨